# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૨૦ તા.૩૦-૪-૧૫

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**સર્વ શિક્ષા અભિયાન કચેરીના પરિપત્ર મુજબ વર્ષ ૨૦૧૫–૧૬ અન્વયે બાળકોને પરિવહન સુવિધાનો લાભ નવા શૈક્ષણિક સત્રના પ્રથમ દિવસ(શાળા પ્રવેશોત્સવ)થી નીચે મુજબના મુદ્દા નં.૧ થી ૩૩ આપના ધ્વારા કરવામાં આવેલ દરખાસ્ત મુજબ શાળા વ્યવસ્થાપન સમિતિ કક્ષાએ આ સુવિધા શરૂ કરવાની થાય છે અને તમામ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.**

૧. જે વિસ્તારમાં શાળા (PRIMARY) નું અંતર એક કિલોમીટર કે તેથી વધુ હોય અને બાળકોની સંખ્યા ઓછી હોઈ નવી શાળા ખોલી શકાતી ન હોય તેવા વિસ્તારના બાળકોને પ્રાથમિકતા આપવાની રહેશે.

૨. જે વિસ્તારમાં શાળા (UPPER PRIMARY) નું અંતર ૩ કિલોમીટર કે તેથી વધુ હોય અને બાળકોની સંખ્યા ઓછી હોઈ અને નવી શાળા ખોલી શકાતી ન હોય તેવા વિસ્તારના બાળકોને પ્રાથમિકતા આપવાની રહેશે.

૩. જે ગામમાં ધો.–૧ થી ૫ ની શાળા હોય પરંતુ ધો–૬, ૭ અને ૮ ની શાળાનું અંતર વધુ હોય તેવા (UPPER PRIMARY) વિસ્તારના વર્ગના બાળકોને લાભ આપવાનો રહેશે.

૪. ટ્રાન્સપોર્ટેશન માટેની ૬ માસની બાળકદીઠ ગ્રાન્ટ SMC કક્ષાએથી મળેલ દરખાસ્તને ધ્યાને રાખી SMC ના એકાઉન્ટમાં જમા કરવામાં આવશે.

૫. SMC દ્વારા જો શાળા સમયને ધ્યાનમાં રાખી જો સરકારી બસ શહેરી વિસ્તારની ટ્રાન્સપોર્ટ સેવાની ઉપલબ્ધતા હોય તો તેને પ્રાથમિકતા આપી બાળકોના બસ માટેના પાસ માટેની નકલના આધારે તેનું ચુકવણું SMC મારફતે કરી શકાશે.

૬. જે વિસ્તારમાં સરકારી બસ, શહેરી કોર્પોરેશનની બસની સુવિધા શાળાના સમય મુજબ ઉપલબ્ધ ન હોય તેવા વિસ્તારના આર.ટી.ઓ. માન્ય બંધ બોડીના ટ્રાન્સપોર્ટેશન વાહનનું, માન્ય ટ્રાવેલ્સ, માન્ય વાહનનો ઉપયોગ બાળકોને સાનુકૂળ રહે તે મુજબ વાહન ચાલકોમાં કંપનીની તમામ વિગતો ( નામ, સરનામું, ફોન નં.,વાહન નં. આર. સી. બુકની નકલ વગેરે રાખવાનું રહેશે.) શહેરના સ્થાનિક વાહનને પ્રાથમિક પસંદગી આપવાની રહેશે.

૭. બાળકોના ટ્રાન્સપોર્ટેશન માટે થયેલ ચુકવણાનાં બીલો, વાઉચર, રસીદોનો રેકોર્ડ એસ.એમ.સી.કક્ષાએ રાખવાનો રહેશે અને આ ચુકવણું ચેક મારફતે જે તે વ્યકિત કે સંસ્થાના નામજોગ કરવાનું રહેશે.

૮. જે બાળકો માટે ટ્રાન્સપોર્ટેશનની સુવિધા ઉપલબ્ધ કરાવવાની હોય તે બાળકોની વિગતો અને મુસાફરી કાર્ડની વિગતો પણ રાખવાની રહેશે.

૯. ટ્રાન્સપોર્ટેશન યોજનાનો લાભ મેળવતા બાળકોની ફોટોગ્રાફી ચાઈલ્ડ પ્રોફાઈલ નિભાવવાની રહેશે.

૧૦. ટ્રાન્સપોર્ટેશન સોફટવેરમાં ઓનલાઈન એન્ટ્રી કરવાની રહેશે.ઓનલાઈન એન્ટ્રી કરેલ હશે તે જ બાળકોની ગ્રાંટ ફાળવી શકાશે.

૧૧. વર્ષ ૨૦૧૫–૧૬ માં ટ્રાન્સપોર્ટેશન માટે બાળકદિઠ પ્રતિમાસ રૂા.૩૦૦/– લેખે ૧૦ માસ માટે મંજૂર બજેટની જોગવાઈ મુજબ અત્રેથી અપવામાં આવનાર સૂચનાઓ ધ્યાને લઈ ચૂકવણું કરવાનું રહેશે.

૧૨. ટ્રાન્સપોર્ટેશન માટે આ વાહનનો ચાલુ વર્ષનો ફુલ વીમો હોવો જોઈએ. જેની નકલ એસ.એમ.સી.માં રાખવાની રહેશે.

૧૩. વાહન પર એસએસએનો લોગો સરળતાથી વાંચી શકાય તે રીતે ફરજીયાત લગાવવાનો રહેશે.

૧૪. વાહનના ડ્રાયવર પાસે લાભાર્થી બાળકોના નામની યાદી હોવી જોઈએ.

૧૫. ડ્રાઈવરના નામ–સરનામા અને ફોન નંબરની માહિતી શાળાના મુખ્ય શિક્ષક પાસે હોવી જોઈશે.

૧૬. ટ્રાન્સપોર્ટેશન માટેના વાહનમાં કેટલા બાળકોને બેસાડી શકાય, તેની વિગતો, સંખ્યાની વિગતો, વાહન વ્યવહાર, કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત રાજયના પરિપત્ર ક્રમાંક ૧૨૪૦ તા.૩.૩.૨૦૦૬ ની માન્યના પ્રમાણે ચકાસી તેટલા જ બાળકો બેસાડવાની કાળજી શાળાના મુખ્ય શિક્ષક, લાભાર્થી બાળકોના વર્ગશિક્ષકે રાખવી અને આ વાહન ટેકસી પાર્સિંગ(પીળી નંબર પ્લેટ)વાળું જ રાખવાનું રહેશે.

૧૭. બાળકોને જે તે પોકેટ એરિયા / ઘરની બિલકુલ નજીકની જગ્યાએથી જ પીકઅપ કરવા.

૧૮. ટ્રાન્સપોર્ટેશન માટેનું વાહન જે તે શાળાએ માત્ર બે જ ફેરા કરી શકશે બાળકોનો શાળા શરૂ થવા પૂર્વે અને શાળા છુટયા પછીના સમયને અસર ન થાય તે રીતે કરવાનાં રહેશે.

૧૯. ડ્રાઈવરની સીટ ઉપર કોઈપણ બાળકને બેસાડી શકાશે નહી.

૨૦. વાહન ૨૦ કિ.મી. કરતાં વધુ ઝડપે ચલાવી શકાશે નહી.

૨૧. વાહનમાં બાળકોના દફતરો ડાબી કે જમણી બાજુએ બહાર લટકાવી શકાશે નહીં.

૨૨. બાળકોને આપવામાં આવતી ટ્રાન્સપોર્ટેશન સુવિધા દરમ્યાન આકસ્મિક કોઈ દુર્ઘટના કે જાનહાનિ થાય તો આ અંગેની કોઈપણ જવાબદારી શાળા કે એસ.એસ.એ. કચેરીની રહેશે નહી. વાલીઓ કોઈપણ પ્રકારના વળતરની માગણી કરી શકશે નહી તેવી લાભ લેનાર તમામ બાળકોના વાલીઓની બાંહેધરી(આ સાથે સામેલ પત્રક મુજબ) ફરજિયાત લેવાની રહેશે.

૨૩. ડ્રાયવરે કોઈપણ પ્રકારનો નશો કરી વાહન ચલાવી શકશે નહીં તે સબબનું આ સાથેના નિયત નમુના મુજબનું બાહેંધરી પત્રક લેવાનું રહેશે.

૨૪. વાહનમાં પ્રાથમિક સારવારની પેટી ફરજિયાત રાખવાની રહેશે.

૨૫. વાહનમાં ટેપ, રેડીયો જેવા સાધનો વગાડી શકાશે નહીં.

૨૬. ઉપરોકત સૂચનાઓનું ચુસ્તપણે પાલન થાય તે માટે મુખ્ય શિક્ષકે વાહનના ડ્રાયવરને માહિતગાર કરી અને તેનું ચુસ્તપણે અમલીકરણ થાય તેની કાળજી લેવાની રહેશે.

૨૭. વાહનનો ઉપયોગ જો રજા /જાહેર તહેવારના દિવસે આપની જરૂરિયાત મુજબ થાય તો આ અંગે કોઈ વધારાના નાણાંનું ચુકવણું કરવાનું રહેશે નહિ .

૨૮. ટ્રાન્સપોર્ટેશનનું ચુકવણું દર મહિને કરવાનું રહેશે અને તેના ઉપર સરકારી કાયદા મુજબ ટી.ડી.એસ. ની કપાત કરીને ચુકવણું કરવાનું રહેશે.

૨૯. ટી.ડી.એસ. ની કપાત દર મહિને કરી તેનું બેંક મારફત ચલણ ભરવાનું રહેશે.

૩૦. ટી.ડી.એસ. ચલણ ની એક કોપી સર્વ શિક્ષા અભિયાનની ઓફિસમાં દર મહિને આપવાનું રહેશે. જો કોઈ આપવામાં નહિ આવે તો તેની તમામ જવાબદારી એસ.એમ.સી.ની રહેશે.

૩૧ હવે કોઈ માન્ય એજન્સી કે ટ્રાવેલ્સ નથી તેથી દરેક શાળા – એસ.એમ.સી.એ પોતાની રીતે આ વ્યવસ્થા કરવાની રહેશે.

૩૨ જે–તે શાળામાં લાભાર્થી બાળકોની સંખ્યા પ્રમાણે આર.ટી.ઓ.ના નીતિ – નિયમો પ્રમાણે જ લાભાર્થી બાળકો બેસે તે માટે પણ શાળા–એસ.એમ.સી.ના માર્ગદર્શન નીચે દરેક શાળામાં એક મોનીટરીંગ કમીટી બનાવવી. જે બાળકોને લાવવા–લઈ જવા વાહનોની ઉપરોકત અત્રેની કચેરીની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરશે. સભ્ય સચિવ તરીકેની જવાબદારી જે–તે શાળાના મુખ્ય શિક્ષકની રહેશે.

૩૩ શાળાએ નકકી કરેલ વાહનોનો સ્પષ્ટ નંબર દેખાય તે રીતેનો ફોટો પણ દરખાસ્ત સાથે એસ.એસ.એ. કચેરીએ મોકલવાનો રહેશે અને ફોટામાં જે વાહન દર્શાવેલ હોય તે વાહનનો જ ઉપયોગ થાય તે શાળાએ જોવાનું રહેશે. સંજોગોવસાત વાહનો બદલાય તો એસ.એમ.સી.માં તેનો ઠરાવ કરી તેના ફોટા સાથે ઠરાવની એક નકલ એસ.એસ.એ. કચેરીએ મોકલી આપવાની રહેશે.

તા. ૩૦-૪-૧૫

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**વાહન ચાલકનું બાહેધરી પત્રક**

આથી હું નામે . . . . . . . .. . . . . . . . . . . . . . . . . . . . . . . .ઉ.વર્ષઃ . . . . . . . . . .રહેવાસી . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .મો.નંબરઃ . . . . . . . . . . . . . . . . . . . .લાયસન્સ નંબર . . . . . . . . . . . . . . . . . . . લાયસન્સ પૂર્ણ થવાની તારીખ . . . . . .છે અને હું . . . . . . . . .. . . . . . . . . . . . . . . . . . . . . . . . .. . . . . .શાળામાં પરિવહન સુવિધા ગાડી નં . . . . . . . . . . . . . . . .થી આપું છું અને બાળકોને શાળાથી ઘરે અને ઘરથી શાળાએ લાવવામાં નીચે મુજબની શરતોનું પાલન કરવા સંમત થાવ છું.

શરતો.

૧ ડ્રાઈવરની સીટ ઉપર કોઈપણ બાળકને બેસાડીશ નહી.

૨. વાહન ૨૦ કિ.મી. કરતાં વધુ ઝડપે ચલાવીશ નહી.બાળકોની સલામતી જળવાય તેવી રીતે ચડવા ઉતારવા તેમજ મુસાફરીમાં કાળજી રાખીશ.

૩. વાહનમાં બાળકોના દફતરો ડાબી કે જમણી બાજુએ બહાર લટકાવીશ નહીં.

૪. વાહનમાં પ્રાથમિક સારવારની પેટી ફરજિયાત રાખીશ.

૫. વાહનમાં ટેપ, રેડીયો જેવા સાધનો વગાડીશ નહીં.

૬ કોઈપણ પ્રકારનો નશો કરી વાહન ચલાવીશ નહીં.

૭ શાળામાંથી આપવામાં આવેલ બાળકોના નામની યાદી મુજબ જ બાળકોને એ જ ગાડીમાં બાળકોને બેસાડીશ.

૮ વાહન પર એસએસએનો લોગો સરળતાથી વાંચી શકાય તે રીત ફરજીયાત લગાવીશ.

ઉપરોકત તમામ શરતોનું તેમજ શાળા કક્ષાએથી સમયાંતરે આપવામાં આવતી સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવા સંમત છું અને આ શરતની પાલન કરવામાં કોઈપણ ચુક થશે તો તેની સંપુર્ણ જવાબદારી મારી રહેશે.

તા. / / સહિ.

નામ :